ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૮૩ ટકા

# સેકટર-૧૭માં ચિલ્ડ્રન હોમ આસપાસ કાદવ-કિચડ

ગાંધીનગર, તા.૯

શહેરમાં જયાં જુઓ ત્યાં ગંદકીએ માઝા મુકી છે. સેકટર-૧૭ની સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ તરફના વિસ્તારમાં ગંદકીનું સામ્રાજય સર્જાયું છે. માર્ગો પર વરસાદી પાણી ભરાઈ રહ્યું છે. આ વિસ્તારમાં એટલી હદે ગંદકી ખદબદી રહી છે કે સ્થાનિક રહિશોનું આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ સર્જાઈ છે. રહીશોને ખદબદતી ગંદકીથી રોગચાળાની ચિંતા ઉદભવી રહી છે.

સમગ્ર શહેરમાં ગંદકીનું સામ્રાજય ફેલાઈ ચુકયું છે. શહેરની ગટરલાઈનો ઉભરાઈ રહી છે. શહેરના વોર્ડને કચરાપેટી મુકત નહી પરંતુ કચરાપેટી યુકત વોર્ડ બનાવી દેવામાં આવ્યા છે. વર્તમાન સમયમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા સહિતના મચ્છરજન્ય રોગોનો ઉપદ્રવ વધ્યો છે. સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે.

સરકારી અધિકારીઓ તથા તંત્ર દરેક સ્થળે સ્વચ્છતાના હિમાયતી હોય છે અને જયારે વાત આવે આ અધિકારીઓના રહેઠાણ આસપાસની ત્યારે એ સ્થળોએ લગભગ સાફસફાઈનો વિશેષ આગ્રહ રાખવામાં આવે છે અને મહદઅંશે અધિકારીઓના રહેણાંક આસપાસ નિત્ય સફાઈ સાથે સમગ્ર વિસ્તાર ચોખ્ખો-ચણક જોવા મળે છે. પરંતુ આ સિવાયના વિસ્તારોમાં નિયમિત સાફ સફાઈ કરવામાં આવતી નથી જેના પરિણામે ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે.

હાલમાં ચોમાસાનો માહોલ ચાલી રહ્યો છે જે દરમિયાન પરિસ્થિતિ વધુ કફોડી બની રહી છે. ગંદકીનો પગલે માખી-મચ્છરોનો અસહ્ય ત્રાસ છે અને શહેરમાં ડેન્ગ્યુ મેલેરિયા સહિતના વાહકજન્ય રોગનો ભોગ શહેરીજનો બની રહ્યા છે. વરસાદી પાણીનાં મસમોટા ખાબોચીયા અને ઉબડખાબડ બનેલ રસ્તાઓની પીડાથી જનતા ત્રાહિમામ છે, પાટનગરવાસીઓ મોટા ટેક્ષ પાલિકાને આપે છે તો






પણ પાયાની સુવિધા જનતાને આપવામાં આવતી નથી. માર્કેટ પાછળની ગંદકી, બસસ્ટેન્ડ પાસે ગંદકી, ઉભરાતી ગટરો, રખડતા પશુઓ, ઉકરડા, ઉબડ ખાબડ રસ્તા, ધુળની ઉડતી ડમરીઓ શહેરની ઓળખ બની ગઈ છે.

આ અગાઉ સે-૨૭ આનંદનગરમાં ગટરની કામગીરીના પગલે માર્ગો બિસ્માર બન્યાની ફરિયાદ જોવા મળી હતી. જેમાં વારંવાર તંત્રને જાણ કરવા છતાં કોઈ જવાબદાર તંત્ર ધ્યાનમાં લેતું જ નથી જો કે ચૂંટણી બાદ ઘણા રોડ રસ્તાઓ પર પડેલા ઉબડખાબડ ગાબડાઓને રીપેર કરવામાં આવ્યા છે પરંતુ હજુ પણ કામગીરીમાં કચાશ જોવા મળી રહી છે.

અસ્વચ્છતા, ગંદકી, દુર્ગંધ આપણા શહેરની એક મોટી સમસ્યા છે. ચોમાસાની સિઝનમાં ગંદકીની દહેશતથી વાહકજન્ય રોગચાળો ફેલાય છે. ડેન્ગ્યુ, ચિકનગુનિયા, મેલેરિયાનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે છતાં પણ ગંદકી અને ઠેર ઠેર પાણી ભરાવાના પુરાવાઓ જોવા મળી રહ્યા છે. વરસાદના પાણીનો ભરાવો થયા બાદ તે પાણીનો ચોકકસપણે નિકાલ થતો નથી. જેથી રોગચાળો ફેલાવાની ભીતી રહે છે.

ખાણી-પીણી બજારો, હોટલો, રેસ્ટોરન્ટસ, સિનેમાઘરો, બગીચાઓ, મોલ, મલ્ટિપ્લેકસ, ઉદ્યાનો વગેરે જાહેરસ્થળો પર સ્વચ્છતાનું પાલન કરવામાં આવતું નથી. કચરાપેટીના ડબ્બા મોટા ભાગના જાહેરસ્થળો પર મુકવામાં આવ્યા છે તેમ છતાં કચરાપેટીનો ઉપયોગ કરવામાં આવતો નથી. કચરો ફૂટપાથ, માર્ગો પર, કચરાપેટીના ડબ્બાની આસપાસ જોવા મળે છે.

સરકારી બાળસંભાળ ગૃહમાં પ્રવેશદ્વાર પાસે જ મસમોટા ગંદકીના પુરાવા જોવા મળી રહ્યા છે. જેમાં રસ્તાઓ પર વરસાદી પાણી ભરાઈ રહ્યું છે અને એકદમ લીલથી ખદબદી રહ્યું છે. જેમાં રખડતા ઢોર પણ ગંદકીવાળી જગ્યા પર ટોળામાં બેસી રહે છે. આ વિસ્તારમાં સરકારી મકાનોમાં રહેતા વસાહતીઓને સવારે ઉઠતાની સાથે જ સામે ગંદકી જોવા મળે છે. જેથી વસાહતીઓમાં આ બાબતે રોષ વ્યકત કરવામાં આવી રહ્યો છે.

## વંદે માતરમ પરિવાર દ્વારા આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૯

વંદે માતરમ પરિવાર દ્વારા આજે આનંદના ગરબાનું આયોજન રાખેલ છે. જે સેકટર-૧૯ ખાતે પ્રાયોશા એપાર્ટમેન્ટમાં જયોત્સનાબેન ઠાકરના નિવાસસ્થાને સાંજે ૪ થી ૫.૩૦ વાગ્યા સુધી યોજાશે. તારીખ ૧૧ના રોજ સેકટર-૨૮ ખાતે સુમિત્રાબેન પટેલના નિવાસસ્થાને ૮-બીમાં સાંજે ૪.૦૦ કલાકે યોજાશે.

## સ્માર્ટ કિડસ નર્સરી સ્કૂલમાં આજે ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૯

સ્માર્ટ કિડસ નર્સરી સ્કૂલ સેકટર-૧ ખાતે બાળકો અને તેમના પરીવાર સાથે નવરાત્રી શેરી ગરબાનો કાર્યક્રમ આજે યોજાવાનો છે. બાળકો અને તેમના પરિવાર માટે વિવિધ સ્પર્ધા પણ રાખવામાં આવી છે. બાળકો હર્ષ અને ઉલ્લાસ સાથે નવરાત્રી શેરી ગરબાનો આનંદ માણી શકે તે માટે વિશાળ પ્રાંગણમાં ગરબાનું આયોજન રાખેલ છે.

## સ્મિત મ્યુઝિક દ્વારા એફબી લાઈવ ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૯

સ્મિત મ્યુઝિક દ્વારા નવ નોરતાની ઉજવણી એફબી લાઈવ માધ્યમથી આ વર્ષે પણ યોજાનાર છે. આ વર્ષે નવરાત્રીમાં જયોતિ ગજ્જર, ભરત ગજ્જર સહ ગૌરાંગ રાવલ, રીશીરાજ, બિપિનચંદ્ર, પ્રવિણ રાવલ ગરબાની રમઝટ જમાવશે.

## SSIT- ભાટ ખાતે વિદ્યાર્થીઓ માટે સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ કેમ્પ યોજાયો






ગાંધીનગર, તા.૯

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ૫ દિવસનો સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈજનેરી શાખાના વિવિધ બ્રાન્ચના પ્રથમ વર્ષના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પ દ્વારા વિદ્યાર્થીઓને આત્મરક્ષા કેળવવા માટેની જાગૃતતા અને ટ્રેનિંગ આપવામાં આવી હતી.ટ્રેનિંગના અંતે વિદ્યાર્થીઓને ફેડરેશનના ચેરમેન અને ચીફ ટેકનીકલ ડાયરેક્ટર સિહાન અરવિંદભાઈ રાણા, નેશનલ કોચ સિહાન રાજેશભાઈ બુંદેલા, ટ્રેનિંગ કોચ જય બુંદેલા અને ધર્મેશ પંચાલના હસ્તે સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. સંસ્થા સદાય વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેતુ અવાર નવાર આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરે છે.

## જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન ડાંડિયા ડેકોરેશન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૯

જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન ડાંડિયા ડેકોરેશન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. તમામ વર્ગના કુલ ૩૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ સુશોભનની સામગ્રીનો ઉપયોગ કરી ડાંડિયાની સુંદર સજાવટ કરી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



નવરાત્રી મહોત્સવ દરમ્યાન દરેક સોસાયટીમાં ગરબા દરમિયાન ગરમ ગરમ નાસ્તો આપવામાં આવતો હોય છે પણ ગુરુકૃપા ફાઉન્ડેશનના ગૌરાંગભાઈ મહેતાને અલગ જ વિચાર આવ્યો કે શ્રમજીવી પરિવારના સભ્યો માટે કંઈક કરી એ તેથી વહેલી સવારે ગાંઠીયા અને મોહનથાળનો નાસ્તો શ્રમજીવી પરીવાર અને તેમના બાળકોને આપવામાં આવ્યો હતો.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં અનુબંધમ પોર્ટલ પર માર્ગદર્શક સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૯

સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા અનુબંધમ મોબાઈલ એપ્લિકેશન પર માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો. જેમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર દ્વારા પોર્ટલ પર રોજગાર વાંચ્છુ ઉમેદવારોની નોંધણી તથા રોજગારીની તકો શોધવા માટેના વિવિધ પાસાઓ પર યોગ્ય માર્ગદર્શન પુરું પાડયું હતું. કોલેજના આચાર્ય ડૉ. મહેન્દ્ર ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ **UDISHA** સમિતિના ચેરમેન ડૉ. જિજ્ઞાસા ઠુંમર તથા સમિતિ સભ્યો વિવેક દવે, ડૉ. દિપેનકુમાર ગાંધી, ડૉ. પૂજા શર્મા અને ડૉ. મયુરી બારોટે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓએ રૂબરૂ તથા ૭૨ વિદ્યાર્થીએ ઓનલાઈન ભાગ લીધો હતો.



સેકટર-૨ ચ-રોડ પાસે છાપરામાં રહી અભ્યાસ કરતા ભૂલકાંઓ અને દીકરીઓને નવરાત્રીના શુભ પાવન પ્રસંગે સ્ત્રી શકિતને પ્રોત્સાહિત કરવા માટે ડાયરીઓ, ફૂલસ્કેપ ચોપડા નાના બાળકોને નોટબુક તેમજ તમામને માસ્ક અને બિસ્કીટનું વિતરણ સેકટર-૨ના સિનિયર સિટિઝન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમોદભાઈ દવે દ્વારા આ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સિનિયર સિટીઝન સતિષભાઈ ભાવસારે યોગદાન આપ્યું હતું.

## એસ.કે.પટેલ સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણી



ગાંધીનગર, તા.૯

એસ. કે.પટેલ કે.જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણીમાં ઓનલાઈન ક્લાસમાં ભૂલકાઓએ કેડિયું, ચણિયાચોળી પહેરીને ગરબાની મજા માણી હતી. આચાર્ય દિપાલી જોષીએ ભૂલકાંઓને અને શાળાના પરિવારને નવરાત્રી પર્વની શુભેચ્છા પાઠવી હતી.

## આજે સેક્ટર-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે 'હેપ્પી રક્તદાન શિબિર' યોજાશે

ગાંધીનગર, તા.૯

મહાનાયક અમિતાભ બચ્ચનના ૭૯મા જન્મદિવસ નિમિત્તે 'અમિતાભ બચ્ચન ફ્રેન્ડસ કલબ, ગાંધીનગર' દ્વારા શ્રી રાજપૂત સમાજ અને હેપ્પી યુથ કલબના સંયુક્ત ઉપક્રમે તા.૧૦મી ઓકટોબર, રવિવારના રોજ સવારે ૯ થી બપોરના ૧૨ વાગ્યા દરમ્યાન સેક્ટર-૧૨માં શ્રી રાજપૂત સમાજ ભવન ખાતે 'હેપ્પી રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે "રકતદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવશે. આ "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક પૂરી પાડશે.

## આજે પાંચમા નોરતે માં સ્કંદમાતા પૂજાશે

### સંતાન સુખની પ્રાપ્તિ માટે સ્કંદમાતાના પૂજનનો મહિમા : ગઈકાલે ત્રીજ-ચોથ તિથિના સંગમ થવાથી એક નવરાત્રીની ઘટ રહેશે



ગાંધીનગર, તા.૯

જગતજનની જગદંબાનું મંગલ પર્વ નવરાત્રી આનંદ, ઉત્સવ અને ઉપાસના સાથે આજે રૂમઝુમ કરતું મધ્યાહને આવી ગયું છે. ગઈકાલે ત્રીજ અને ચોથ તિથિના સંગમે માં ચંદ્રઘંટા અને મા કુષ્માંડાના પૂજન અર્ચન કરવામાં આવ્યા હતા અને તિથિ ઘટ સાથે આજે પાંચમા સ્વરૂપમાં સ્કંદમાતા પૂજાશે. સર્વત્ર નવરાત્રીની રમઝટ અને દેવીશકિતના મંત્રોચ્ચારના ધ્વનિથી વાતાવરણ અલૌકિક બન્યું છે.

આજે નવરાત્રીના પાંચમા દિવસે પંચમ સ્વરૂપા માં સ્કંદમાતાનું પૂજન કરવામાં આવશે. ભગવાન શિવના પુત્ર કાર્તિકેય (સ્કંદ)ને જન્મ આપ્યો હતો તેથી તેમનું નામ સ્કંદ માતા પડયું છે. માતાજીએ ખોળામાં સ્કંદને બેસાડેલ છે અને તેમનું વાહન સિંહ છે. માતાજીની ચાર ભૂજા પૈકી ઉપરના જમણા હાથમાં કમળનું ફુલ ધારણ કર્યુ છે. નીચેના એક હાથથી વરદાન આપી રહ્યા છે. કમળના આસન ઉપર બિરાજમાન હોવાથી આ માતાજીને પદમાસના દેવી પણ કહેવાય છે. સ્કંદમાતાની ઉપાસનાથી બાળરૂપ સ્કંદ ભગવાનની ઉપાસના આપમેળે જ થઈ જાય છે. આ દિવસે સાધકનું મન વિશુધ્ધ ચક્રમાં સ્થિત હોય છે. સૂર્યમંડળની અધિષ્ઠાત્રી હોવાના કારણે આ માતાની પૂજાથી સાધકનું મુખ મંડળ તેજ અને કાંતિથી ચમકી ઉઠે છે. દસો મહાવિદ્યા અને નવદુર્ગા જાતક ઉપર પ્રસન્ન થાય છે. આ માતાજીની ઉપાસના કરવાથી જાતકને સંતાન સુખની ઈચ્છા પુરી થાય છે અને રાજભય મુકત રહે છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. જોષી મયંક નરેન્દ્ર,** ઉ.વ. ૪૮, મુંબઈ
- **સ્વ. ઠાકોર કાજલબેન બદસંગજી,** ઉ.વ. ૩૬, વડોદરા, ગાંધીનગર

## ધોળાકુવા ખાતે યુવાનો દ્વારા વિશાળ ગબ્બરનું અદભૂત નિર્માણ



ગાંધીનગર, તા.૯

આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાના પાવન પર્વ નવરાત્રીનો શુભારંભ થઈ ગયો છે. કોરોના મહામારીના કારણે છેલ્લાં બે વર્ષથી ગરબાથી દૂર રહેલા યુવાનો ફરી એકવાર રાસગરબાની રમઝટ મચાવવા આતુર બન્યા છે. આ સમયે ગાંધીનગરના ધોળકુવા ગામે બળિયાદેવ યુવક મંડળ દ્વારા દર વર્ષે ગબ્બરની પ્રતિકૃતિ તૈયાર કરીને પોતાની આસ્થા અને ભક્તિની પ્રદર્શિત કરે છે.

ગાંધીનગરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામ એવું પણ છે કે જ્યાં છેલ્લાં અનેક વર્ષોથી કોઈ અગમ્ય કારણોસર નવરાત્રીના રાસ ગરબાનું આયોજન કરવામાં આવતું નથી. પોતાના ગામમાં જ રાસ ગરબાની રમઝટથી વંચિત રહેલા યુવાનો અને બળિયાદેવ યુવક મંડળ દ્વારા પોતાની સર્જનાત્મક શક્તિનો ઉપયોગ કરીને એક વિશાળ ગબ્બર તૈયાર કરવામાં આવે છે જે ગાંધીનગર અમદાવાદ ઉપરાંત આસપાસના અનેક વિસ્તારોમાં સુવિખ્યાત છે અને તેને નિહાળવા અનેક દર્શનાર્થીઓ નિયમિત આવે છે. આ વર્ષે પણ ગબ્બર સાથે દ્વારકા ખાતેના જગતમંદિરની આબેહૂબ પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી છે જેને નિહાળીને દર્શનાર્થીઓ રોમાંચિત થઈ ઉઠશે.

## જન્મદિને વધામણી



**ડો. પિયુષ દવે**
ટ્રસ્ટી, કલ્ચરલ ફોરમ
મો. ૯૬૨૪૦ ૦૪૩૮૦



**પ્રભુદાસ ડી. પંડિત**
કલાકાર અને કવિ
મો. ૯૪૨૭૫ ૫૧૩૨૭



**વરુણ એન જોશી**
મો. ૯૯૯૮૮ ૧૧૪૨૪



**ફલક હિંગુ**



**માહી પ્રકાશચંદ્ર સાંગલેકર**
મો. ૯૬૦૧૧ ૮૯૬૩૫



**ઝમીર ઉપાધ્યાય**
મો. ૯૯૨૪૫ ૬૯૩૧૧



**પંડ્યા મયુરી અંકિત**



**ગાયત્રીબેન જોષી**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



**સ્નેહ**



**અક્ષય લાલજીભાઈ ચાવડા**